લેખાંક-૧૨

# વિદેહ અમરત્વ - વ્યાસપુત્ર શુકદેવજી

અધ્યાત્મ દર્શન
અનુપ શાહ



અગાઉના લેખમાં સમજ્યા તેમ શુકદેવજી સતત શંકાશીલ વલણ દાખવી રહ્યા હોવાથી, મહર્ષિ વ્યાસજી તેને ગીતાનું જ્ઞાન સમજવાની સલાહ આપે છે. જેમાં સિદ્ધમહાપુરુષનું વર્ણન છે, કે જેઓ આ સંસારમાં રહીને પણ કર્મયોગનો આશરો લઇ જીવનમુક્ત જીવન જીવી શકે છે. અને સાથે જ કહે છે કે તું પણ એકવાર પોતાને અર્જુન તરીકે મૂકી જો અને ત્યારબાદ ભાગવત ગીતાના આ જ્ઞાનને સમજવાનો પ્રયત્ન કર. જેમાં ત્રીજા અધ્યાયમાં ભગવાને સિદ્ધમહાપુરુષ જનકરાજાના આ તથ્યોને

> સિદ્ધ પુરુષ રાજા જનકને મારે હવે મળવું જોઇએ. મારે એ સમજવું જોઇએ કે તેઓ દેહમુક્ત રહીને રાજ્ય કેવી રીતે ચલાવે છે? શું મારા માટે આ માર્ગ શક્ય છે? શું હું પણ ગૃહસ્થાશ્રમમાં રહીને આ પ્રમાણેનું જીવન જીવી શકું? શું આ રીતે હું પિતાશ્રીની ઇચ્છા પૂર્ણ કરી શકું?

સ્પષ્ટ રીતે દર્શાવ્યા છે. હવે શુકદેવજી ગુરુને ત્યાં જે જ્ઞાન પ્રાપ્ત કર્યું હતું તેને યાદ કરવાનો પ્રયત્ન કરે છે. શુકદેવજી ગીતામાં રહેલા એ શ્લોકોને યાદ કરે છે, કે જેમાં કર્મયોગથી સિદ્ધ મહાપુરુષ માટે કહેવાયું છે. અત્યારે ગૃહસ્થાશ્રમ શરુ કરવો તે પિતાશ્રીની સમજ પ્રમાણે કર્મયોગ હોઈ તે સંદર્ભે આ શ્લોકોને સમજવા પ્રયત્ન કરે છે. આ શ્લોકોના પડઘા તેમના મન પર પડે છે. પડઘારૂપી ગીતાજીના એક શ્લોકને ગયા લેખમાં સમજ્યા બાદ હવે આગળનો શ્લોક સમજીએ.

तस्मात् असक्तः सततं कार्यम् कर्म समाचर ।
असक्तः हि आचरन् कर्म परम् आप्नोति पूरुषः ॥

અર્થાત, “એટલા માટે તું નિરંતર આસક્તિ રહિત થઈને કર્તવ્ય કર્મોનું સારી રીતે આચરણ કર. કારણકે આસક્તિ રહિત થઈને કર્મ કરતો મનુષ્ય પરમાત્માને પ્રાપ્ત થઈ જાય છે.”

આ શ્લોક શુકદેવજીના મન પર નવો પ્રકાશ પાથરે છે. તેઓ વિચારે છે, કે તેમનું પણ અંતિમ લક્ષ્ય તો પરમાત્માપ્રાપ્તિનું જ છે. માટે જ તો તેઓ ગૃહસ્થાશ્રમનો વિરોધ કરી રહ્યા છે. અહી ભગવાન પણ અર્જુનને નિષ્કામ ભાવે કર્તવ્ય કર્મો કરવાનું સમજાવે છે. શુકદેવજી, અગાઉ પ્રાપ્ત કરેલા એ જ્ઞાનને યાદ કરી રહ્યા છે કે જે અનુસાર પોતાના સ્વરૂપથી ભિન્ન જે કોઈ વ્યક્તિ કે પદાર્થ છે તેના પ્રતિ આકર્ષણ ને ‘આસક્તિ’ કહેવાય છે. હું શરીર છું અને શરીર મારું છે એવું માનવાથી શરીર વગેરે નાશવાન પદાર્થોનું મહત્વ અંતઃકરણમાં અંકિત થઇ જાય છે અને તે કારણે આસક્તિ થઇ જાય છે. અને આ રીતે આસક્તિપૂર્વક માનેલો સંબંધ મનુષ્યના વારંવાર જન્મ-મરણનું કારણ બને છે. પરંતુ શરીરમાં આસક્તિ ન રાખીએ તો? વિદેહ જીવવાનું આવડી જાય તો? આ બધું સંસારનું છે, મારું કશું નથી એવી ભાવના દઢ થઇ જાય તો? આ વાત શુકદેવજીના મનમાં ઝબકારો કરી જાય છે. અને સાથે જ ત્યાર પછીનું જ્ઞાન યાદ આવે છે,

कर्मणा एव हि संसिध्धिं आस्थिताः जनकादयः ।
लोकसंग्रहम एव अपि संपश्यन कर्तुम अर्हसि ॥

અર્થાત, “રાજા જનક જેવા અનેક સિદ્ધ મહાપુરુષો અને જ્ઞાનીજનો પણ આસક્તિ રહિત કર્મ દ્વારા જ પરમસિદ્ધિને પામ્યા છે. એટલા માટે લોક્સંગ્રહને જોતા પણ તું નિષ્કામ ભાવથી કર્મ કરવાને યોગ્ય છે.”

ગૃહસ્થાશ્રમમાં રહીને નિષ્કામ ભાવથી બધા કર્મો કરતા રહીને પરમસિદ્ધિને પ્રાપ્ત થયેલા મહાપુરુષો કે જેમાં રાજા જનક ઉપરાંત વૈવસ્વત મનુ, રાજા ઈશ્વાકુ વગેરે પણ સામેલ છે. આમ અનેક મહાપુરુષો પરમાત્માને પામી શક્યા છે. હકીકતમાં સામાન્ય મનુષ્યો સાંસારિક પદાર્થોની પ્રાપ્તિની જેમ પરમાત્માની પ્રાપ્તિને પણ કર્મજન્ય માની લે છે. તેઓ એવો વિચાર કરે છે કે કોઈ મોટા કે ઉચ્ચ હોદ્દા પર આરૂઢ થયેલા વ્યક્તિને મળવા માટે કેટલો બધો પરિશ્રમ કરવો પડતો હોય છે? તો પછી અનંતકોટિ બ્રહ્માંડનાયક પરમાત્માને મળવા માટે તો બહુ જ પરિશ્રમ, કઠોર તપ, વ્રત, જડતાપૂર્વક સેવા-પૂજા વગેરે કરવા પડશે. સામાન્ય મનુષ્ય મનગમતી વસ્તુને પ્રાપ્ત કરવા માટે લગભગ આવો જ પરિશ્રમ અને પ્રયત્નો કરે છે અને સંસારિક વસ્તુઓને પ્રાપ્ત પણ કરી લે છે. જેનાથી તેની એ ધારણાને પુષ્ટિ મળે છે કે આસક્તિ સહિત કર્મો કરવાથી જ તેને બધું પ્રાપ્ત થાય છે. તેની આ જ ભૂલ છે. અને આ કારણે જ પરમાત્માના વિષયમાં પણ તેનો આ જ ભાવ રહે છે. તે પરમાત્માને પણ જડ કર્મો દ્વારા જ પ્રાપ્ત કરવાની ચેષ્ટા કરે છે, પરંતુ વાસ્તવિકતા એ છે કે પરમાત્માની પ્રાપ્તિ આવા કર્મો દ્વારા થતી નથી. પરમાત્મા તો બધા સ્થળ, કાળ, વસ્તુ, વ્યક્તિ વગેરેમાં નિત્ય પ્રાપ્ત છે. તેઓ ઉત્પત્તિ, વિનાશ અને પરિવર્તનથી સર્વથા રહિત છે. આથી તેમની પ્રાપ્તિ સ્વતઃસિદ્ધ છે. રાજા જનક જેવા સિદ્ધમહાપુરુષો ગૃહસ્થાશ્રમ રહીને પણ આવું જ્ઞાન પ્રાપ્ત કરી તે પ્રમાણે નું જીવન અપનાવી રહ્યા છે.

ગુરુ ગૃહે જ્ઞાનપ્રાપ્તિ દરમ્યાન ગુરુએ સમજાવેલા આ ત્રણે શ્લોકો શુકદેવજીના માનસપટ પર કબજો કરી લે છે. હવે તેમને પિતાશ્રીની વાતમાં રસ પાડવા માંડે છે. તેઓ વિચારે છે કે મહાભારત જેવા પવિત્ર ગ્રંથમાં રહેલા, ભગવાનના મુખેથી ઉચ્ચારણ કરાયેલા, ભગવાન જેવા ગુરુએ સમજાવેલા અને અનુભવસિદ્ધ પિતાશ્રીએ દર્શાવેલા આ શ્લોકોના અર્થને વાસ્તવિક જીવનમાં જેમણે ઉતાર્યા છે તેવા સિદ્ધપુરુષ રાજા જનકને મારે હવે મળવું જોઈએ. મારે એ સમજવું જોઈએ કે તેઓ દેહમુક્ત રહીને રાજ્ય કેવી રીતે ચલાવે છે? શું મારા માટે આ માર્ગ શક્ય છે? શું હું પણ ગૃહસ્થાશ્રમમાં રહીને આ પ્રમાણેનું જીવન જીવી શકું?

શું આ રીતે હું પિતાશ્રીની ઈચ્છા પૂર્ણ કરી શકું? આવા અનેક પ્રશ્નો તેમના મનમાં ઉઠવા માંડ્યા. ખુબ જ મનોમંથનના અંતે તેમના મનમાં રાજા જનકને મળવાની ઈચ્છા પ્રબળ બની. ગ્રંથોની વાતોને વાસ્તવિક જીવન સાથે સંકળાયેલ જોવાનો આ અદભુત મોકો હતો. અને અંતે તેમણે મિથીલાનગરી જવાનો નિર્ણય કર્યો. (ક્રમશઃ)

# ઘડો અને શિષ્ય

બાઉલ કથા



લેફ્ટેનન્ટ સતીશ વ્યાસ



દામોદર નદીના કાંઠે, માઝખાના ગામના વગડામાં, કિંચો બાઉલ રહે છે. પૂર્વ જીવનમાં કિંચો બાઉલ કુંભાર હતા, તેથી તેમની વાતોમાં તે વિષયના સચોટ પ્રતીકો આવતાં રહે છે.

બાઉલત્વ પ્રાપ્ત કરવા આવતા શિષ્યને શિક્ષા દીક્ષા અંગે વાત કરતા તેમણે જણાવ્યું, ‘‘મને બાઉલત્વ પ્રાપ્ત કરવામાં અને શિષ્યોને બાઉલ બનાવવામાં મારા પૂર્વજીવનનું કુંભારપણું ખૂબ કામ આવ્યું.’’

અમે પૂછ્યું, ‘‘એ કઈ રીતે?’’

કિંચો બાઉલ બોલ્યો, ‘‘કુંભાર ઘડાનું ત્રિવિધ રીતે અને ત્રિકાળ પરીક્ષણ કરે છે! જેમ કે, પહેલી વખતે ચાક પરથી ઘડામણ થયા પછી, સુકાઈ જાય ત્યારે, તેના અવાજથી તેને વગાડીને, તેના અવકાશમાં બોલીને, પરીક્ષણ કરે છે કે તે બોદો તો નથી ને? પછી અજવાશથી ચકાસે છે કે ઘડાના નિબિડ અંધકારમાં ક્યાંય તિરાડ તો નથી ને? તે પછી તેને નિભાડામાં પકવે છે. તે પાકી જાય અને ઠરીને ઠામ થાય ત્યારે તેને ફરી અવાજ અને અજવાશ બંને રીતે ચકાસે છે. વધારામાં આ વખતે તેને જળ ભરી અને ગુંજાશથી પણ ચકાસે છે કે તેમાં જળ વહી જાય તેવી કોઈ તિરાડ તો નથી ને?

પછી તેને ગધેડા પર લાદી ગ્રાહકોને આપે ત્યારે પણ અવાજ અને અજવાશથી ચકાસીને આપે છે, તે વખતે ત્રીજું ગુંજાશનું પરીક્ષણ ખરીદનાર કરે છે. જો તે પરીક્ષણમાં તે ઘડો ખરો ઊતરે તો લોકોના પાણિયારા જેવા પવિત્ર સ્થાન પર ગોળો બની અને પ્રસ્થાપિત થાય છે.

તેને કેળવીને ગુરુ તેને ઘાટ આપે છે, પોતાની નજર સામે જ આંગણામાં સૂર્યના તાપમાં તેને સૂકવે છે. તે સમયે જો અવાજ અને અજવાશના પરીક્ષણમાં શિષ્ય બોદો ઠરે તો તેને ભાંગી ભૂકો કરી, ફરી નવો આકાર આપે છે. પછી તેને તપ, જપ અને દીક્ષાના ત્રપ્ત નિભાડામાં પક્વ કરી, તેને ઠરેલું ઠામ બનાવી તેનું અવાજ અને અજવાશથી પરીક્ષણ કરી, તેની ગુંજાશ ચકાશે છે! આ કસોટીમાં સફળ થયા પછી તેને પદ- પૈસા- પ્રતિષ્ઠા- માન અકરામ- ગાયન- વાદનના ગધેડે ચડાવે છે! શિષ્યને

> કુંભાર અને બાઉલ, તરીકે દરેક વખતે ઘડામાં કે શિષ્યમાં રહેલા અંધકારને નિહાળે છે, અજવાશને નહીં કારણ કે તે ઉલટાપાથી છે ને?’’

પરખે છે કે સાથે રહેલા ઘડા સાથે અથડાઈ અથડાઈને તે બોદો તો નથી બની જતો ને? તે સમાજ સમક્ષ શિષ્યને તેની ગુંજાશ માપવા માટે મૂકી દે છે! જો પાણીદાર શિષ્ય હોય તો જલસ્થાન એટલે કે પાણિયારાનો અધિપતિ બની જાય છે! અન્યથા ગાયક- વાદક બની સમાજમાં ઘુમ્યા કરે છે! કુંભાર અને બાઉલ, તરીકે દરેક વખતે ઘડામાં કે શિષ્યમાં રહેલા અંધકારને નિહાળે છે, અજવાશને નહીં કારણ કે તે ઉલટાપાથી છે ને?’’

મને કિંચો બાઉલની વાતમાં નિબિડ અંધકારમાં પ્રગટતા, મનેર માનુષનું તેજ દેખાયું.